# તમે વૅલ્યુ ઇન્વેસ્ટર છો કે ગ્રોથ ઇન્વેસ્ટર?

## તમારે રોકાણ કરતાં પહેલા જાણી લેવું જોઇએ કે તમે કેવા પ્રકારના રોકાણકાર છો, કે કેવા પ્રકારના રોકાણકાર બનવા માંગો છો?

તમે કેવા પ્રકારના ઇન્વેસ્ટર છો? નક્કી કરવું છે? આ સવાલોના જવાબ આપો.

(1)**વૅલ્યુ ઇન્વેસ્ટરઃ** સારી ગુણવત્તા,ડિસ્કાઉન્ટે ખરીદવાની આદત તમારામાં છે? જવાબ હા માં છે, તો તમે વૅલ્યુ ઇન્વેસ્ટર છો. આ એવા રોકાણકારો હોય છે, જેઓ કંપનીઓની સાચી વૅલ્યુ શોધી કાઢે છે અને ધીરજથી રાહ જોઇને એ વૅલ્યુથી સારા એવા ડિસ્કાઉન્ટે એના શેર મળતા હોય ત્યારે જ રોકાણ કરે છે. તેમણે કંપનીનું સંપૂર્ણ નાણાંકીય વિશ્લેષણ કર્યું હોય છે – આવક, રોકડ પ્રવાહ, નફો, ઐતિહાસિક કામગીરી અને આવા અભ્યાસના કારણે વૅલ્યુ ઇન્વેસ્ટર એવા સ્ટોકની પસંદગી કરે છે, જે તેની બુક વૅલ્યુ અથવા ટ્રુ વૅલ્યુ(સાચા મૂલ્ય)થી ડિસ્કાઉન્ટમાં મળતા હોય. આવા રોકાણકારો સારા ફંડામેન્ટલ્સવાળી કંપનીઓ શોધીને, ધીરજ રાખીને યોગ્ય ભાવે તેમના શેર મળે ત્યારે  રોકાણ તો કરે જ છે અને સાથે સાથે એટલી જ ધીરજ રાખીને બજાર ભાવ તેમની ગણતરી અનુસાર બુક વૅલ્યુ અથવા ટ્રુ વૅલ્યુ(સાચા મૂલ્ય)થી સારા એવા પ્રિમિયમે ન પહોંચે ત્યાં સુધી હોલ્ડ કરે છે. વૅલ્યુ ઇન્વેસ્ટિંગ પાછળનું લોજીક એ છે કે જ્યારે તમે કોઈ સ્ટોકનું સાચું અને આંતરિક મૂલ્ય નક્કી કરો છો અને તેને ડિસ્કાઉન્ટેડ ભાવે ખરીદો છો, ત્યારબાદ જો સ્ટોક ડાઉનસાઇડ પર જાય અને તમારી અપેક્ષા મુજબ કામગીરી ન કરે તો બહુ ઓછા પૈસા ગુમાવવાની સંભાવના હોય છે. સાથે સાથે જ સ્ટૉક રેલી આવે ત્યારે એ પ્રિમિયમે ક્વોટ થશે અને તમારી ધારણા કરતાં  રોકાણ પર વધુ કમાણી મળશે. વૅલ્યુ ઇન્વેસ્ટર્સની નજર સૌથી પહેલાં લાર્જ-કેપ કંપનીઓના શેર્સ પર હોય છે.

(2) **ગ્રોથ ઈન્વેસ્ટરઃ** તમે કેવા રોકાણકાર છો? બીજો સવાલ એવો છે કે ગળાકાપ સ્પર્ધાના જમાનામાં તમે કોઇ કંપની તેમના પ્રમોટર્સ તેમના પ્લાન્સ ઇત્યાદિનો અભ્યાસ કરીને એ કંપનીના વિકાસમાં વિશ્વાસ રાખીને સાથે સાથે તમારો પણ વિકાસ થશે એવું માનો છો? જો

પ્રમોટરો પરફોર્મ ન કરી શકે, એમના પ્લાન્સને ધાર્યા મુજબ સફળતા ન મળે તો એ નિષ્ફળતાના પરિણામે થતું નુકશાન પચાવવા સક્ષમ છો ? જવાબ હા માં હોય તો તમે વિકાસને વરેલા રોકાણકાર છો. અંગ્રેજીમાં એમને ગ્રોથ ઇન્વેસ્ટર પણ કહી શકાય.

આવા ગ્રોથ ઇન્વેસ્ટરો મૂડીનું મૂલ્ય વધવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને એવા તબક્કે વિકાસની સંભાવના વાળી યુવા વયની નવી નવી કંપનીઓ ઓળખી-તારવીને તેમાં રોકાણ કરે છે. ગ્રોથ ઇન્વેસ્ટર કંપનીઓ, પ્રમોટરોની ક્ષમતામાં રોકાણ કરે છે, અને જ્યારે એ કંપનીઓ સફળ થાય ત્યારે તેમને સારા પ્રમાણમાં મૂડીની મૂલ્યવૃદ્ધિ મળતી હોય છે. જોકે  કંપનીની કામગીરી ધાર્યા પ્રમાણે  ન વિકસે તો રોકાણ કરેલી મૂળ રકમ ગુમાવવાની તૈયારી પણ ગ્રોથ ઇન્વેસ્ટર રાખે છે એ વાત સુપેરે યાદ રાખવી ઘટે.

મૂળ રકમ પૂરેપૂરી ગુમાવવા કોણ સક્ષમ હોય એ જાણવા માટે તમારે તમારો રિસ્ક પ્રોફાઇલ કઢાવીને તમારી જોખમ લેવાની ક્ષમતા કેટલી છે? એ જાણી લેવું જરૂરી છે.

INTERNAL